सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૬ | ૧૧ | ૨૦૨૫ |
| નોંધ્યા તારીખ: | ૦૬ | ૧૧ | ૨૦૨૫ |
| ફેંસલ તારીખ: | ૨૦ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૫ | ૧૪ |

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના પ્રકરણ નં. ૫ના ૧૭૯(અ) અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ના ઠરાવેલા પર્ફોમા મુજબ**

**આંક–**

## :: નમુના – અ ::

| ખેડા જિલ્લાના મહે. સ્પે. જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશશ્રી, મુ. કપડવંજ. | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૦/૦૪/૨૦૨૬ |
| સ્પે. પોકસો કેસ નંબર | ૨૯/૨૦૨૫ |

## ગુનાની વિગત

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ | ગુ.ર. નં. ૧૧૨૦૪૦૨૮૨૫૦૨૬૧/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશન |
| ફરીયાદી | સરકારશ્રી/ભોગ બનનારના માતા |
| ફરીયાદી તરફે વિધ્વાન એ.પી.પી. | શ્રી એમ. આર. પટેલ |
| આરોપી | ૧) મહેન્દ્રકુમાર ઉર્ફે આદીત્ય ઉર્ફે મહેશ ઉર્ફે મહલો સ/ઓ કનુભાઈ પરમાર, રહે. મહુડીયા, તા. કપડવંજ, જિ. ખેડા.<br>૨) વિષ્ણુભાઈ કાળાભાઈ પરમાર, રહે. મોટા મહુડીયા, નરસિંહપુર, તા. કપડવંજ, જિ. ખેડા. |
| આરોપી તરફે વિધ્વાન વકીલ | શ્રી એમ. વાય. મલેક |

## :: નમુના – બ ::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | ૧૨/૦૭/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ : | ૧૩/૦૭/૨૦૨૫ |
| ચાર્જસીટની તારીખ : | ૦૧/૧૧/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | ૦૫/૧૨/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | ૨૯/૦૯/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | ૧૨/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ : | ૨૦/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | નથી |

## :: આરોપીની માહીતી ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી / નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન **UTP** રહેલ સમય ગાળો **CrPC.** ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | મહેન્દ્રકુમાર ઉર્ફે આદીત્ય ઉર્ફે મહેશ ઉર્ફે મહલો સ/ઓ કનુભાઈ પરમાર | ૧૯/૦૯/૨૦૨૫ | ૨૪/૧૧/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪ (૨)(એમ), ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૦ વર્ષ ૦૨ માસ ૦૫ દિવસ |
| ૨) | વિષ્ણુભાઈ કાળાભાઈ પરમાર | ૧૯/૦૯/૨૦૨૫ | ૦૮/૧૦/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪ (૨)(એમ), ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૦ વર્ષ ૦૦ માસ ૧૯ દિવસ |

**:: નમુનો ક ::**

**ફરીયાદપક્ષ/ બચાવપક્ષ / ન્યાયલયના સાક્ષીઓની યાદી**

**અ) ફરીયાદપક્ષના સાક્ષીની વિગત :**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧) | દેવેન્દ્રકુમાર દિનેશભાઈ પટેલની જુબાની | તલાટી કમ મંત્રી |
| ૨) | ડો. કુંદન અમૃતસિંહ પરમારની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૩) | ભોગ બનનારની જુબાની | ભોગ બનનાર |
| ૪) | ભોગ બનનારની માતાની જુબાની | મુળ ફરીયાદી |
| ૫) | નરેશકુમાર ભુદરભાઈ જોષીની જુબાની | સરકારી પંચસાહેદ |
| ૬) | મનુભાઈ રણછોડભાઈ વણકરની જુબાની | ફરીયાદ નોંધનાર અમલદાર |
| ૭) | જશરાજ ભાગીરથ મેઘવાલની જુબાની | સાહેદ |
| ૮) | પુજાબેન જગદીશભાઈ રાવલની જુબાની | તપાસ કરનાર અમલદાર |
| ૯) | શંકરસિંહ ગુલાબસિંહ પરમારની જુબાની | સાહેદ |
| ૧૦) | અજીતકુમાર રામજીભાઈ ચૌધરીની જુબાની | તપાસ કરનાર અમલદાર |

**બ) બચાવના સાક્ષી :**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | નથી | – |

**ક) કોર્ટના સાક્ષી :**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | નથી | – |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ ન્યાયાલય તરફથી રજુ દસ્તાવેજો :**

**અ) ફરીયાદપક્ષે આપવામા આવેલ આંક:**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | જન્મ નોંધણી રજી. ૨૦૦૮ વર્ષ અનુ. નં. ૫ ની નકલ |

| | | |
|---|---|---|
| | | |
| ૨ | ૧૫ | ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર |
| ૩ | ૧૬ | જન્મના પ્રમાણપત્રની ખરાઈ કરવા બાબતની યાદી |
| ૪ | ૨૧ | આરોપીની મેડી. તપાસણી કરી મેડી. સર્ટી આપવા બાબતની યાદી |
| ૫ | ૨૨ | આરોપીના મેડીકલ કેસ પેપર્સ |
| ૬ | ૨૩ | આરોપીના એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલ નમુના |
| ૭ | ૨૪ | આરોપીનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૮ | ૨૫ | આરોપીની મેડી. તપાસણી કરી મેડી. સર્ટી આપવા બાબતની યાદી |
| ૯ | ૨૬ | ભોગ બનનારની મેડીકલ તપાસણી માટેની યાદી |
| ૧૦ | ૨૭ | ભોગ બનનારના મેડીકલ કેસ પેપર્સ |
| ૧૧ | ૨૮ | ભોગ બનનારના એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલ નમુના |
| ૧૨ | ૨૯ | ભોગ બનનારનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૩ | ૩૧ | ભોગ બનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન |
| ૧૪ | ૩૪ | અસલ ફરીયાદ |
| ૧૫ | ૩૬ | સરકારી પંચસાહેદો ફાળવવા બાબતની યાદી તથા સરકારી પંચસાહેદો ફાળવ્યા બાબતનો પત્ર |
| ૧૬ | ૩૭ | ભોગ બનનારના શરીર સ્થિતિનુ તથા કપડા કબ્જે કર્યાનુ પંચનામું |
| ૧૭ | ૩૮ | આરોપી નં. ૧ના શરીર સ્થિતિનુ તથા કપડા કબ્જે કર્યાનુ પંચનામું |
| ૧૮ | ૩૯ | મોટરસાઈકલ નં. GJ.07.EJ.5627 કબ્જે કર્યાનુ પંચનામું |
| ૧૯ | ૪૦ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૨૦ | ૪૩ | સ્ટેશન ડાયરી |
| ૨૧ | ૫૦ | વાહનને લગતી લાઈવ માહીતીનો રીપોર્ટ |
| ૨૨ | ૫૧ | ભોગ બનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લેવા માટેની યાદી |
| ૨૩ | ૫૨ | ભોગ બનનારની મેડી. તપાસણી કરી મેડી. સર્ટી આપવા બાબતની યાદી |
| ૨૪ | ૫૩ | સદર ગુનાના કામે બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ), ૫૪ તથા |

| | | |
|---|---|---|
| | | પોકસોની જરૂરી કલમો ઉમેરવા બાબતની યાદી |
| ૨૫ | ૫૪ | મુદ્દામાલ એફ.એસ.એલ.મા મોકલ્યાનુ રવાનગીપત્રક |
| ૨૬ | ૫૫ | મુદ્દામાલ એફ.એસ.એલ.મા મળી ગયાની પહોંચ |
| ૨૭ | ૫૬ | એફ.એસ.એલ. અહેવાલ પત્ર |
| ૨૮ | ૫૭ | બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |
| ૨૯ | ૫૮ | ભોગ બનનારના આધારકાર્ડની નકલ |
| ૨૮ | ૫૯ | એફ.એસ.એલ. અહેવાલ પત્ર |
| ૨૯ | ૬૦ | બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |

**બ) બચાવપક્ષે આપવામા આવેલ આંક:**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | – | નથી |

**ક) ન્યાયલય દ્વારા આપવામા આવેલ આંક:**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | – | નથી |

**ફરીયાદી તરફે રજુ થયેલ મુદામાલ વિગત :**

| **ક્રમ** | **મુદામાલ નંબર** | **વિગત** |
|---|---|---|
| ૧ | આર્ટીકલ નં. ૧ | એક સફેદ તથા વાદળી કલરનુ રંગબેરંગી ટોપ |
| ૨ | આર્ટીકલ નં. ૨ | એક કાળા કલરની લેંધી |
| ૩ | આર્ટીકલ નં. ૩ | એક સફેદ કલરનુ આખી બાંયનુ શર્ટ |
| ૪ | આર્ટીકલ નં. ૪ | એક કાળા તથા સફેદ પટ્ટાવાળો જીન્સનો પેન્ટ |
| ૫ | આર્ટીકલ નં. ૫ | એક હીરો કંપનીનુ મો.સા. નં. જી.જે.૦૭.ઈજે.૫૬૨૭ |

**ગુન્હો : ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૨(૨)(એમ), ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬ તથા ૧૨ મુજબ**

## – :: ચુ કા દો :: –

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા. ૧૨/૦૭/૨૦૨૫ના રોજ રાત્રીના ૨૦:૦૦ થી ૨૨:૦૦ વાગ્યાના અરસામા આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર કે જેની ઉમર ૧૭ વર્ષ ૦૫ માસ ૨૦ દીવસનીને આ કામના આરોપી નં. (૧)નાએ લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના ઘરેથી તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ જે બનાવ સબંધે ફરીયાદીએ ફરીયાદ આપતા તા. ૧૩/૦૭/૨૦૨૫ના રોજ કલાક ૧૭:૩૫ વાગ્યે ભારતીય ન્યાય સંહીતાની કલમ –૧૩૭(૨), ૮૭ તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબ ગુનો નોંધેલ. આ કામે ભોગ બનનાર અને આરોપીની તપાસ ચાલુ હતી તે દરમ્યાન ભોગ બનનારના પરીવારના સભ્યો ભોગ બનનાર અને આરોપી નં. (૧)ને અમદાવાદ ખાતેથી પોલીસ સ્ટેશન ખાતે લઈ આવેલ. આ કામે ભોગ બનનારનુ મહીલા પોલીસ કર્મચારીની હાજરીમાં પુછપરછ કરતા તેણીએ જણાવેલ કે, ''આરોપી તેણીને લગ્ન કરવાની લાલચ આપી ઘરેથી ભગાડી લઈ ગયેલ અને તેના મિત્ર આરોપી નં. (૨)ની મોટર સાઈકલ પર બેસાડી આંતરસુંબા લઈ ગયેલ અને ત્યાંથી અમદાવાદ વિરમગામ, કચોલીયા ગામ ખાતે આવેલ પાઉડરની કંપીનની વર્કરો માટે બનાવેલ એક રૂમમાં રાખી મને લગ્ન કરવાનુ કહી મારી મરજી વિરૂધ્ધ મારી સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ છે.'' જે સબબ ફરીયાદીએ કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ જાહેર કરેલી.

**કેસ કાર્યવાહીની વિગત :–**

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થતાં તેમની સામેના હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળેલી છે કે કેમ ? તેની ખાત્રી કરી સદર કોડની કલમ–૨૪૯ની જોગવાઈઓનું પાલન કર્યા પછી સદર કોડની કલમ – ૨૫૧(૧)(બી) પ્રમાણે આરોપીઓ વિરુધ્ધ બંને પક્ષકારોને સાંભળી તહોમતનામું આંક–૦૮થી ફરમાવવામાં આવેલ છે તથા સદર કોડની કલમ–૨૫૧(૨) પ્રમાણે આરોપીઓનો જવાબ આંક–૦૯

તથા આંક–૧૦થી નોંધી લેવામાં આવેલ છે. આરોપીઓએ તહોમતનામામાં જણાવેલ ગુનો કબૂલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલો. આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત છે.

(૩) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નમુના–કમાં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૪) ફરીયાદપક્ષે તેઓનો મૌખીક પુરાવો કરતા વધુ મૌખીક પુરાવો આપવા માંગતા નથી તે મતલબની આંક–૬૧થી પુરસીસ આપેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં તેના આધારે આરોપી વિરુધ્ધના સંજોગોનો ખુલાસો કરવાના આશયથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપી જણાવે છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે.

**શ્રી સરકાર/ફરીયાદપક્ષ તરફે દલીલો**

(૬) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનાર બનાવ સમયે સગીરવયના હોવાનુ પુરવાર થયેલ છે. ભોગ બનનારને કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. વધુમા રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ધ્યાને લઈ નામદાર કોર્ટને યોગ્ય લાગે તે ન્યાયીક હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૭) આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રીને સાંભળ્યા. આરોપીઓ તરફે મુખ્યત્વે તેવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતે હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## <u>– : મુદ્દાઓ : –</u>

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ–૨(ડી)માં આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા ભોગ બનનારનો સમાવેશ થાય છે ?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં. (૧) નાએ તા. ૧૨/૦૭/૨૦૨૫ના રોજ રાતના ૨૦:૦૦ થી ૨૨:૦૦ વાગ્યાના અરસામા ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર ઉ.વ. ૧૭ વર્ષ ૦૫ માસ ૨૦ દીવસનીને લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૮૭, ૧૩૭(૨) મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું ફરીયાદપક્ષ એ હકીકત પ્રાથમીક પુરાવાથી પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં. (૧)નાએ તા. ૧૨/૦૭/ ૨૦૨૫ના રોજ રાત્રીના ૨૦:૦૦ થી ૨૨:૦૦ વાગ્યાના અરસામા આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર કે જેની ઉમર ૧૭ વર્ષ ૦૫ માસ ૨૦ દીવસનીને લગ્ન કરવાની લાલચ આપી આરોપી નં. (૨)નાએ ભોગ બનનારનુ અપહરણ કરવામા આરોપી નં. (૧)ની મદદગારી કરી આરોપી નં. (૧)નાએ ભોગ બનનારને ભગાડી લઈ જઈ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના કચોલીયા–કાલમપુર રોડ, મંગલમ પેપર મીલ નજીક કામલપુર ખાતે આવેલ કલેકીંગ નામની મીનરલ્સ કંપનીના લેબર કવોટર્સની રૂમમાં રાખી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ અવાર નવાર શારીરીક શોષણ કરી આરોપીઓએ ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૬૪(૨) (એમ), ૫૪ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૪. શું ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ઉપરોકત તારીખ, સમયે ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતાં તેણી ઉપર જાતિય હુમલો કરી તથા જાતિય સતામણી કરી જાતિય ગુનાઓથી બાળકોના

રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ−૪, ૬, ૧૨ મુજબ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૫. શું હુકમ ?

(૮.૧) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) થી (૪) નકારમાં

(૫) આખરી હુકમ મુજબ

**−:: કા ર ણો ::−**

**મુદ્દા નં. (૧)** :−

(૯) આ મુદ્દાની ચર્ચા કરતા પહેલા એ હકીકત નોંધનીય છે કે, આરોપી ઉપર જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ−૩(એ), ૪ અને ૧૨ મુજબના ગુનાનો પણ આક્ષેપ છે. સદર કાયદાની કલમ−૨(ડી)મા આપવામા આવેલ ''બાળક'' (Child) ની વ્યાખ્યામા ભોગ બનનારનો સમાવેશ થાય છે કે કેમ ? તે અંગે જોઈએ તો, ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ તા. ૧૨/૦૭/૨૦૨૫ના રોજ બનેલ છે. તે સમયે ભોગ બનનારની જન્મ તા. ૨૩/૦૧/૨૦૦૮ની હતી. આ હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબીત કરેલ છે કે કેમ ? તે અંગે જોઈએ તો આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં. ૧થી તલાટી કમ મંત્રી નરસિંહપુરના દેવેન્દ્રકુમાર દીનેશભાઈ પટેલને તપાસવામા આવેલ છે. તેઓની જુબાનીમાં આંક−૧૫થી ભોગ બનનારના જન્મનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે તથા આંક−૧૪થી જન્મના રજીસ્ટરના ઉતારાની નકલ રજુ થયેલ છે. જે વંચાણે લેતાં તેમાં ભોગ બનનારની જન્મ તા. ૨૩/૦૧/૨૦૦૮ના રોજની દર્શાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે. જેમા બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવેલ નથી. ત્યારબાદ સદર કામે સાહેદ નં. ૦૩થી ભોગ બનનારને તપાસવાા આવેલ છે જેઓએ તેમની જન્મ તા. ૨૩/ ૦૧/૨૦૦૮ની હોવાનો પુરાવો આપેલ છે. ત્યારબાદ ભોગ બનનારની માતાને સાહેદ

નં. ૦૪થી તપાસવામા આવેલ છે તેઓએ ભોગ બનનારની જન્મ તા. ૨૩/૦૧/૦૮ની હોવાનો પુરાવો આપેલ છે. આ હકીકતથી વિરૂધ્ધનો રેકર્ડ ઉપર કોઈ પુરાવો નથી. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ભોગ બનનારની ઉમર બનાવ સમયે ૧૭ વર્ષ ૦૫ માસ ૨૦ દીવસની હોવાનુ પુરવાર થાય છે. આમ, ફરીયાદપક્ષ બનાવ સમયે ભોગ બનનારનો સદર કાયદાની કલમ-૨(ડી)મા આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા સમાવેશ થતો હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામા સફળ રહેલ છે. જેથી **મુદ્દા નં. ૦૧નો જવાબ હકારમા** ઠરાવવામા આવે છે.

**<u>મુદ્દા નં. (૨) તથા (૩) :-</u>**

(૧૦) સદરહુ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોવાથી પુનરાવર્તન ટાળવા માટે તેની સંયુકત ચર્ચા કરવામા આવેલ છે. ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ આંક -૦૮થી તહોમતનામું ફરમાવવામા આવેલ છે તે મુજબના ગુનાઓ આરોપીઓએ કરેલ છે કે કેમ ? તે હકીકત ફરીયાદપક્ષે સાબીત કરવાની રહે છે.

(૧૦.૧) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. કુંદન અમૃતસિંહ પરમારને સાહેદ નં. ૦૨થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ સાહેદે ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી કરી, ભોગબનનાર તથા આરોપી નં. (૧)ની હીસ્ટ્રી નોંધી તથા બંનેના શરીર ઉપરથી જરૂરી નમુનાઓ લઈ એફ.એસ. એલ.મા મોકલવા પોલીસને આપેલ હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદે ભોગ બનનારે તેમની સમક્ષ હીસ્ટ્રી આપેલ હોવાનુ જણાવેલ છે. વધુમા ભોગબનનારે તેમની જુબાનીમા આરોપી નં. (૧)નાએ તેઓ સાથે કોઈ શરીર સંબંધ બાંધેલો નથી કે તેઓ સાથે બળાત્કાર કરેલ નહી હોવાનુ જણાવેલ છે. તે સંજોગોમા એક માત્ર ડોકટરના પુરાવાથી આરોપી નં. (૧)ને ગુના સાથે સાંકળવો ન્યાયી અને વ્યાજબી જણાતું નથી.

(૧૦.૨) ફરીયાદપક્ષ તરફે ભોગબનનારને સાહેદ નં. ૦૩થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ સાહેદ ભોગબનનાર પોતે છે.

તેઓને કોઈ લલચાવી, ફોસલાવી, પટાવીને ભગાડી ગયેલ નહી. ભોગ બનનાર તેઓની સરતપાસમાં આરોપી નં. (૧)ને તેઓ ઓળખતા હોવાનુ તથા તેઓને ઘરકામ બાબતે ઘરમાં બોલવાનુ થતાં તા. ૧૨/૦૭/૨૦૨૫ના રોજ તેઓના ઘરેથી નીકળી ગયેલી અને તેઓના મામાના ઘરે જતા રહેલ ત્યારબાદ થોડા દીવસ બાદ તેઓના માતાપિતા લેવા આવતા તેઓ તેમની સાથે તેમના ઘરે પરત આવેલ. ભોગ બનનાર સાથે કોઈએ દુષ્કૃત્ય કરેલ નથી કે કોઈ તેઓને ભગાડી લઈ ગયેલ નથી. ભોગ બનનાર સાથે તેઓની મરજીથી કે મરજી વિરૂધ્ધ કોઈએ શારીરીક સંભોગ/બળાત્કાર કરેલ હોય તેવું બનેલ નથી. પોલીસ તેઓને ડોકટર સાહેબ જોડે લઈ ગયેલ જયાં તેઓનુ મેડીકલ કરવામા આવેલ. તેઓએ પોલીસને કશુંય બતાવેલ નહી. પોલીસે તેઓનુ માત્ર નામઠામ પુછેલું તે સિવાય કાંઈ પુછેલું નહી. આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય જેથી વિ. એ. પી. પી.શ્રીની મૌખિક વિનંતીથી આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો  પુછવાની પરવાનગી આપેલ જેથી વિ. એ. પી. પી. શ્રીએ આ સાહેદની ઉલટતપાસ કરેલ જેમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. આમ, આ સાહેદનો પુરાવો જોતાં આરોપીઓએ તહોમતનામામાં જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૧૦.૩) ફરીયાદપક્ષ તરફે મુળ ફરીયાદી ભોગબનનારના માતાને સાહેદ નં. ૦૪થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ સાહેદ ભોગ બનનારના માતા છે તથા આ કામના મુળ ફરીયાદી છે. ભોગબનનાર તેઓની સાથે રહેતી હતી. ભોગ બનનારને ઘરકામ બાબતે તેઓ સાથે બોલવાનું થતા ભોગ બનનાર તા. ૧૨ /૦૭/૨૦૨૫ના રોજ તેઓના ઘરેથી નીકળી તેઓના ભાઈના ઘરે જતી રહેલ. ત્યારબાદ થોડા સમય પછી ભોગ બનનારને તેઓ તેમના ઘરે પરત લઈ આવેલ. ભોગ બનનાર સાથે કોઈએ દુષ્કૃત્ય કરેલ નથી કે કોઈ તેને ભગાડી લઈ ગયેલ નથી કે તેની

મરજીથી કે મરજી વિરૂધ્ધ કોઈએ તેની સાથે શારીરીક સંભોગ / બળાત્કાર કરેલ નથી. ભોગ બનનારને ભગાડીને લઈ જવામા કોઈએ ભુમીકા ભજવી હોય તેવું બનેલ નથી. તેઓ આરોપીઓને ઓળખે છે. તેઓએ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી ફરીયાદમા તેઓની સહી ઓળખી બતાવે છે. આ સિવાય તેઓને કાંઈ કહેવું નથી. આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય જેથી વિ. એ. પી. પી. શ્રીની મૌખિક વિનંતીથી આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ જેથી વિ. એ. પી. પી.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલ જેમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. આમ, આ સાહેદનો પુરાવો જોતાં આરોપીઓએ તહોમતનામામાં જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૧૦.૪) ફરીયાદપક્ષે ભોગ બનનાર તથા આરોપીના કપડા કબ્જે કર્યાના તથા બનાવવાળી જગ્યાના તથા મો.સા. નં. જી.જે.૦૭.ઈજે.૫૬૨૭નુ કબ્જે કર્યાના પંચનામાઓના પંચસાહેદ નરેશભાઈ ભુદરભાઈ જોષીને સાહેદ નં. ૦૫થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા અવેલ છે તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા તેમની તથા બીજા પંચસાહેદ નેહાંગ પ્રકાશભાઈ ભટ્ટની હાજરીમા ઉપરોકત પંચનામાઓમા જણાવેલ વિગતે પંચનામાઓ થયેલ હોવાની હકીકતને સમર્થનકારી પુરાવો આપી **આંક –૩૭, ૩૮, ૩૯ તથા ૪૦**થી સદરહુ પંચનામાઓ રજુ કરેલ છે. બચાવપક્ષે આ સાહેદોની ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં એવી કોઈ હકીકત નિકળી આવતી નથી કે, પંચોની હાજરીમા સદરહુ પંચનામાઓ થયેલ નથી.

(૧૦.૫) ફરીયાદપક્ષે આ કામે ગુનો દાખલ કરનાર પોલીસ સાહેદ મનુભાઈ રણછોડભાઈ વણકરને સાહેદ નં. ૦૬થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તા. ૧૩/૦૭/૨૦૨૫ના રોજ આ કામના ફરીયાદી કપડવંજ રૂરલ પો. સ્ટે. અને ભોગ બનનારને આ કામના આરોપી નં. (૧) તેઓના વાલીપણામાં

થી અપહરણ કરી ભગાડી લઈ જવા બાબતની આંક–૩૪વાળી ફરીયાદ આપેલી. ફરીયાદીએ ભોગ બનનારના જન્મનો દાખલો આપેલ. તેઓએ સદર ફરીયાદ તેઓના પો. સ્ટે.મા ગુ. ર. નં. ૨૬૧/૨૦૨૫થી દાખલ કરી ત્યારબાદ સ્ટેશન ડાયરીમાં નોંધી સદર ફરીયાદ તપાસ અર્થે એ. એમ. ગેહલોત તરફ મોકલી આપેલ.

(૧૦.૬) ફરીયાદપક્ષે સાહેદ જશરાજ ભાગીરથ મેઘવાલને સાહેદ નં. ૦૭થી તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેઓ સુરેન્દ્રનગરના કામલપુર ખાતે આવેલ કલાય કલીન કંપનીમાં ઠેકેદાર તરીકે નોકરી કરે છે. તેઓની કંપનીમાં ભોગ બનનાર તથા આરોપી નં. (૧) ૩૫ થી ૪૦ દીવસ જેટલું રોકાયેલ. તેઓએ ભોગ બનનારનુ આધારકાર્ડ જે તે વખતે લીધેલ નહી અને ભોગ બનનારની ઉમર તેઓને ખબર નહી હોવાનુ જણાવેલ છે. તેઓ આરોપી નં. (૧)ને ઓળખે છે.

(૧૦.૭) ફરીયાદપક્ષે આ કામે પોલીસ સાહેદ પુજાબેન જગદીશભાઈ રાવલને સાહેદ નં. ૦૮થી કોર્ટ રૂબરૂ તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેઓ કપડવંજ રૂરલ પો. સ્ટે. ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગુ. ર. ન. ૨૬૧/૨૫ના કામે તેઓના પી.આઈ. એ.આર.ચૌધરીએ ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરવાની તેઓને સુચના આપેલ જેથી તેઓએ જરૂરી પંચો સાથે રાખી ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ ત્યારબાદ સદર કાગળો પી.આઈ. એ.આર.ચૌધરીને સોંપેલા.

(૧૦.૮) ફરીયાદપક્ષે આ કામે સાહેદ શંકરસિંહ ગુલાબસિંહ પરમારને સાહેદ નં. ૦૯ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેઓ ભોગ બનનારના નાના થાય છે. તા. ૧૩/૦૭/૨૦૨૫ના રોજ તેઓના ભત્રીજા જમાઈ રાકેશભાઈએ તેઓને ફોન કરી જણાવેલ કે ભોગ બનનાર રાત્રીના સમયથી મળતી નથી તેણીની તપાસ કરતા કયાંય મળેલ નહી. ભોગ બનનાર સાથે આરોપી નં. (૧) વાતચીત કરતો હતો અને તે તેના ઘરે નથી. જેથી ભોગ બનનારની માતાએ આરોપી નં. (૧) વિરૂધ્ધ ફરીયાદ આપેલી. તેઓ આરોપી નં. (૧)ને ઓળખે છે.

(૧૦.૯) ફરીયાદપક્ષે આ કામે તપાસ કરનાર અમલદાર અજીતકુમાર રામજીભાઈ ચૌધરીને સાહેદ નં. ૧૦થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ સાહેદે આ ગુનાની તપાસ સંભાળ્યા બાદ તપાસના કામે ભોગ બનનારના જન્મના દાખલાનુ પ્રમાણપત્ર મેળવેલ, જરૂરી પંચનામાઓ પંચોની હાજરીમા કરેલ, ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવવા યાદી કરેલ, ભોગબનનાર તથા આરોપી નં. (૧)ના જરૂરી મેડીકલ સર્ટી. મેળવેલ, આ કામે સરકારી પંચો ફાળવવા યાદી કરેલ, ભોગબનનારનુ બી. એન. એસ. એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવા ની કાર્યવાહી કરેલ તથા તપાસ દરમિયાન કબજે કરેલ કપડાં એફ.એસ.એલ.માં તપાસણી અર્થે રવાનગી નોંધ સાથે મોકલાવેલ હોવાનુ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા તેઓએ ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.

(૧૧) ઉપરોકત વિગતોની ફરયાદ લઈ ગુનો દાખલ કરનાર તેમજ તપાસ કરનાર અમલદારનો મૌખીક પુરાવો તથા તેમની જુબાની દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામા આવે તો એ બાબત સ્પષ્ટ બને છે કે, આ સાહેદો ફરીયાદ લઈ ગુનો દાખલ કરનાર તથા તપાસ કરનાર અમલદાર છે. તેને જોતા સ્વાભાવિક રીતે જ આ સાહેદોને બનાવ સંબંધે કોઈ અંગત કે વ્યકિતગત જાત માહિતી ન હોય તેવી બાબત સ્પષ્ટ બને છે. આ સાહેદે ફરીયાદી, પંચો અને અન્ય સાહેદોની ફરીયાદ, પંચનામાઓ અને નિવેદનોની વિગતો ઉપર મહદઅંશે આધાર રાખી મૌખિક પુરાવો આપેલ છે. તેને જોતા આ સાહેદોનો બનાવ સંબંધે અને બનાવમાં આરોપીની સંડોવણી સંડોવણી સંબંધે પુરાવો એ સીધો કે પ્રત્યક્ષદર્શી પુરાવો ન હોવાનુ સ્પષ્ટ બને છે. પ્રસ્તુત કેસમાં ફરીયાદી તેમજ સાહેદોના પુરાવાને તથા તેના મુલ્યાંકન સંદર્ભે આગળ ઉપર કરવામા આવેલી ચર્ચાને ધ્યાને લેતા આરોપી સામેનુ તહોમતનામું પુરવાર થાય તેવો કોઈ પુરતો અને નિ:શંક પુરાવો ફરીયાદી કે સાહેદો આપતા નહોય તે તમામ હકીકતોને સંયુકત રીતે જોતા સાહેદોએ આપેલ મૌખિક પુરાવો તેની ફરજના

ભાગરૂપે તૈયાર કરવામા આવેલ દસ્તાવેજી પુરાવો પણ ફરીયાદી અને અન્ય સાહેદોના પુરાવાના અભાવે ધ્યાનમાં લેતા આરોપીઓ સામે ફરમાવવામા આવેલ તહોમત પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનુ સ્પષ્ટ બને છે.

(૧૨) વધુમાં જયા સુધી આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાનો પ્રશ્ન છે ત્યા સુધી રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા અને તેના સ્વરૂપને ધ્યાને લેતા આ દસ્તાવેજી પુરાવાઓ પૈકી ફરીયાદ વિગેરે દસ્તાવેજી પુરાવા હાલના આરોપીઓએ તેમની સામેના આરોપ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા કરેલ હોય તેવી બાબતો પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક ન હોવાનું તથા આ તમામ દસ્તાવેજી પુરાવા ઉપરાંત રજુ થયેલા અન્ય દસ્તાવેજી પુરાવા કે જે તપાસની કાર્યવાહી સંદર્ભેના છે તેના સ્વરૂપને ધ્યાને લેતા તેમજ ખુદ ભોગબનનાર પોતે ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ન હોય ત્યારે, આ દસ્તાવેજી પુરાવા પણ આરોપીઓને તેમની સામેના આરોપો મુજબના ગુન્હાહીત કૃત્ય કરેલ હોય તેવી બાબત પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

(૧૩) આ કામે ભોગ બનનારને વળતર આપવું કે કેમ ? તે અંગે જોઈએ તો ભોગ બનનારે ખુદ તેમની જુબાનીમાં આરોપીએ તેને ભગાડી લઈ ગયેલ નહી કે તેની સાથે બદકામ કે બળાત્કાર કરેલ નથી તેવો પુરાવો આપેલ છે. તે તથા કેસના સંજોગો ધ્યાને લેતા ભોગ બનનારને વળતર આપવાનો હુકમ કરવો ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાતું નથી.

(૧૪) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહીતા ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ-૪, ૬ તથા ૧૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામા ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી મુદ્દા નં. (૨) થી (૪)નો જવાબ નકારાત્મક ઠરાવી, મુદ્દા નં. (૫) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## –: : આખરી હુકમ : :–

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૧) અન્વયે આ કામના આરોપી નં. (૧) મહેન્દ્રકુમાર ઉર્ફે આદીત્ય ઉર્ફે મહેશ ઉર્ફે મહલો સ/ઓ કનુભાઈ પરમાર, રહે. મહુડીયા, તા. કપડવંજ, જિ. ખેડા તથા આરોપી નં. (૨) વિષ્ણુભાઈ કાળાભાઈ પરમાર, રહે. મોટા મહુડીયા, નરસિંહપુર, તા. કપડવંજ, જિ. ખેડાને ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવામાં આવે છે.

(૨) પ્રત્યેક આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૦(૬) મુજબ અપીલ પીરીયડ સુધીના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર)ના જામીન આપવા.

(૩) આ કામે ભોગ બનનારને વળતર આપવાનો કોઈ હુકમ કરવામા આવતો નથી.

(૪) આ કામે કબજે લેવામા આવેલ મુદ્દામાલ મોટરસાઈકલ નં. જી.જે.૦૭.ઈજે. ૫૬૨૭નો તેના ખરા માલીકને પરત આપવાનો વચગાળાનો હુકમ કરવામા આવેલ છે જે કાયમ રાખવામા આવે છે તથા બીનકીમતી મુદ્દામાલનો અપીલ પીરીયડ બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

હુકમ આજ રોજ તા. ૨૦મી, માહે એપ્રીલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૦/૦૪/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
વિશેષ જજ (પોકસો) અને અધિક સત્ર
ન્યાયાધીશ, કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ